eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 242
August 2, 2010

## મચ્છરથી ફેલાતાં રોગો વિશે શાળાના બાળકોને આપવામાં આવેલ આરોગ્ય શિક્ષણ

દર ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ રહે તે માટે મે.કમિશ્નરશ્રી તરફથી મળેલ આદેશ અનુસાર તા.૧૦/૦૮/૨૦૧૦ થી તા.૧૩/૦૮/૨૦૧૦ દરમ્યાન ઝોનલ ચીફશ્રી એમ.ડી.દારૂવાલા અને કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતના સંપુર્ણ માર્ગદર્શન હેઠળ કુલ ૪ શાળાના ધોરણ ૮ થી ૧૨ ના ૧૩૪૩ વિદ્યાર્થીઓને મચ્છરથી ફેલાતાં રોગો વિશે સંપૂર્ણ માહિતગાર કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગપાલિકા ધ્વારા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી



રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫/૦૮/૨૦૧૦ ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે, જયોતિન્દ્ર દવે ઉદ્યાન પાસેનો ખુલ્લો ફા. પ્લોટ નં. ૧૩૨, જોગાણીનગર, અડાજણ ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલાના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ.
આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ સવારે ૮.૦૦ કલાકે રાંદેરઝોનના વિવિધ વિસ્તારોમાં પ્રભાતફેરી ફરી ધ્વજવંદના સ્થળે ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ ૬૪માં સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે સૌને આવકાર્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા હાથ ધરેલ કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી સઘન કરવામાં આવેલ છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં ઝોનલ ચીફ શ્રી સી.જે.ગામીત સાહેબના માર્ગદર્શન હેઠળ વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવા અંગે ઓગષ્ટ–૧૦ માં ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મચ્છરથી ફેલાતાં રોગો વિશે શાળાના બાળકોને આપવામાં આવેલ આરોગ્ય શિક્ષણ

દર ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ રહે તે માટે મે.કમિશનરશ્રી તરફથી મળેલ આદેશ અનુસાર તા.૧૦/૦૮/૨૦૧૦ થી તા.૧૩/૦૮/૨૦૧૦ દરમ્યાન ઝોનલ ચીફશ્રી એમ.ડી.દારૂવાલા અને કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીતના સંપુર્ણ માર્ગદર્શન હેઠળ કુલ ૪ શાળાના ધોરણ ૮ થી ૧૨ ના ૧૩૪૩ વિદ્યાર્થીઓને મચ્છરથી ફેલાતાં રોગો વિશે સંપૂર્ણ માહિતગાર કરી મચ્છરોના બ્રિડીંગની ઓળખ આપવા ઉપરાંત તેના રોકથામ લેવા જોગ પગલાં વિશે પણ વિસ્તૃત સમજ આપવામાં આવેલ તેમજ ૩૫૯૦ પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ.

ઉપરાંત શાળાના આચાર્ય તેમજ શિક્ષકગણને પણ ડેંગ્યુ તેમજ ચિકનગુનિયાના રોગથી બચવા ચોમાસાની ઋતુ દરમ્યાન બાળકોને શરીર પૂરેપુરું ઢંકાય તેવા કપડા પહેરવાં અનુરોધ કરવામાં આવેલ.(કારણ કે એડીસ મચ્છર દિવસ દરમ્યાન જ કરડે છે.) ઉપરોકત આરોગ્ય શિક્ષણ ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી અને આસી. જંતુનાશક અધિકારી વેસ્ટ ઝોન(રાંદેર) ધ્વારા પુરું પાડવામાં આવેલ.

આરોગ્યલક્ષી શિક્ષણ હેઠળ અનુક્રમે પાલનપુર પાટિયા ખાતે આવેઈ ડી.આર.રાણા સ્કુલ, દિવાળીબાગ ખાતે સુમન સ્કુલ, જહાંગીરપુરા ખાતે શિશુકુંજ વિદ્યાવિહાર તથા બદ્રીનારાયણ મંદિરની સામે આવેલ નૂતન વિદ્યાલય શાળાને આવરી લેવામાં આવેલ.

વધુમાં આજ રોજ તા.૧૩/૦૮/૨૦૧૦ના રોજ કુલ ૧૬ બાંધકામોમાં ચેકીંગ હાથ ધરતાં કુલ ૦૭ બાંધકામના સ્થળે મચ્છરની ઉત્પત્તિ માલુમ પડતા સ્થળ પર જ તેનો નાશ કરવાની અને તે સબબ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૫,૧૫૦/– વસુલાત કરવાની કામગીરી હાથ ધરેલ.

આથી જાહેર જનતાને અપીલ કરવામાં આવેલ છે કે હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયાના રોકથામ માટે પાણી સંગ્રહના તમામ સાધનો દર અઠવાડિયે સાફ કરવા તથા નકામાં પડતર સાધન સામગ્રીનો નિકાલ કરવો અને તમારા ઘરે આવતા આરોગ્ય વિભાગના કર્મચારીને સંપૂર્ણ સાથ સહકાર આપી તેઓની સુચના મુજબ કામગીરી હાથ ધરવી.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી



રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫/૦૮/૨૦૧૦ ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે, જયોતિન્દ્ર દવે ઉદ્યાન પાસેનો ખુલ્લો ફા. પ્લોટ નં. ૧૩૨, જોગાણીનગર, અડાજણ ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલાના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ સવારે ૮.૦૦ કલાકે રાંદેરઝોનના વિવિધ વિસ્તારોમાં પ્રભાતફેરી ફરી ધ્વજવંદના સ્થળે ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ ૬૪માં સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે સૌને આવકાર્યા હતા. તેઓએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ ક સુરતની ઝુંપડપટ્ટીઓ સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી હતી. છેલ્લો એક દાયકાથી તેને ખસેડી તેમાં રહેલા વસાહતીઓને પુનઃ સ્થાપિત કરવાના પ્રયત્નોમાં મહાનગરપાલિકા વ્યસ્ત હતી. બાપુનગર, નેહરુનગર તથા જલારામનગર જેવી વિશાળ ઝૂંપડપટ્ટીઓને દુર કરી તેમાં વસતા ગરીબ નગરજનોને કોસાડ તથા અન્ય જગ્યાઓએ સુવિધાપૂર્ણ આવાસો ફાળવવામાં પાલિકા સફળ થઈ છે.

શહેરી ગરીબો માટે સ્વર્ણિમ ગુજરાતના આ વર્ષમાં રાજય સરકારની પ્રતિબધ્ધતા પણ સ્પષ્ટ છે. જેના ભાગરૂપે સુરત મહાનગર પાલિકાએ કુલ ૩ ગરીબ કલ્યાણમેળાનું આયોજન કરી કુલ ૧૩૩૧૮ લાભાર્થીઓને કુલ ૩ કરોડ ૬૪ લાખ ૧૪ હજારની રકમ આ મેળાઓમાં ગરીબ–પીડિતોને વિતરણ કરવામાં આવી છે.

સુરતના સીમાડે આવેલ માનવ વસ્તીથી ફટાફટ થતા અમરોલી ઉપનગરમાં લાખો શ્રમિકો રહે છે. તેમની સરળ અવરજવર માટે નવનિર્મિત "પંડીત શ્યામજી કૃષ્ણવર્મા" પુલને તાજેતરમાં શહેરી વિકાસમંત્રી મા. શ્રી નીતીનભાઈ પટેલે ઉદ્ઘાટિત કર્યો જેનાથી હજારો વ્યકિતઓની અવરજવર સરળ બની છે અને લાખો માનવ કલાકોની બચત શકય બની છે. વધુમાં આજ શ્રેણીમાં પાર્લે પોઈન્ટ ફલાય ઓવર, જહાંગીરપુરા, તથા ઉત્રાણ–કાપોદ્રા પુલના કામો પુરજોશમાં ચાલુ છે. તેમજ દીલ્હીગેટ ફલાયઓવર તથા ગુજરાતગેસ સર્કલ, અડાજણ રોડના ફલાયઓવરના કાર્યો શરૂ પણ થઈ ગયા છે. આ ઉપરાંત ૧લી મે, ૨૦૧૦ ગુજરાત રાજયના ૫૦માં સ્થાપનાદિન નિમિત્તે સુરત મહાનગરપાલિકાએ કુલ ૧૨ પ્રોજેકટોની લોકાર્પણવિધિ અને ૧૮ પ્રોજેકટોની ખાતમુહૂર્તવિધિ કરી શહેરની જનતાને અર્પણ કર્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પુલો પહોળા રસ્તાઓ, સ્લમ કલીયરન્સ વગેરે આજની તાતી જરૂરિયાત છે.

**Continue …**

આવનારા દાયકાઓમાં તોતીંગ વસ્તીવધારા તેમજ વિકાસને ધ્યાનમાં રાખીને પાણી, ડ્રેનેજ, એનર્જી વગેરેના આયોજનોમાં મહાનગરપાલિકા મકકમપણે આગળ વધી રહી છે. વિન્ડ પાવર પ્રોજેકટની શરૂઆત એ મહાનગરપાલિકાની મહત્વની સિધ્ધી ગણાવી શકાય તેમ છે, જે ગર્વની બાબત છે. વિશ્વની સૌથી વિશાળ એવી ઘડિયાળ ઉર્ફે સુરતની બીગબેન (**Big Ben**) ઘડીયાળ અહીં બનાવાઈ છે.

ધ્વજવંદન કાર્યક્રમ બાદ આંતર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટમાં મેયર ઈલેવનની ટીમનું ચેમ્પીયન થવા બદલ ૧૬ મ્યુ. સભ્યશ્રીઓનું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વિશિષ્ટ કામગીરી કરનાર સુ.મ.પા.ની ૧૯ જેટલી ટીમનું પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકામાં પ્રશંસનીય કામગીરી કરનાર ૨૪ જેટલા અધિકારીશ્રી /કર્મચારીઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવેલ. તે ઉપરાંત રોશની સ્પર્ધાના ૧૨ વિજેતાઓનું સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ ધોરણ–૧૦, ધોરણ–૧૨ (સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાનપ્રવાહ), સુમન હાઈસ્કૂલ તેમજ સ્મીમેર કોલેજના કુલ ૬૪ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું. ડો. આયર સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ અને સુરત મહાનગરપાલિકા સ્કોલર શીપ ફંડના વ્યાજમાંથી કર્મચારીઓના ધોરણ–૧૦ના ૦૨ વિદ્યાર્થી તેમજ ધોરણ –૧૨ના ૦૨ વિદ્યાર્થીઓને રોકડ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.



ત્યારબાદ વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ ધ્વારા દેશભકિત પર આધારીત સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામા આવી હતી.

આ પ્રસંગે મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસકપક્ષ શ્રી ભીમજીભાઈ પટેલ, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ ઉર્ફે બાબુભાઈ કાપડીયા અતિથિવિશેષપદે ઉપસ્થિત રહયા હતા તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીગણ તથા વિશાળ સંખ્યામાં શાળાના બાળકો તેમજ વિશાળ જનમેદનીએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**TOP**

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે હાથ ધરેલ કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી સઘન કરવામાં આવેલ છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉંચકવાની કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૬/૮/૧૦ ના રોજ ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૭૪,૬૫૧ ઘરોમાંથી કુલ ૯૭૯ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૩૩૭, એડીસ ૫૨૫, કયુલેકસ ૭, અને મીશ્ર ૧૧૦ બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો ટેમીફોસ નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટીક(એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૪૫૪ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૮૫, એડીસ ૨૫, કયુલેકસ ૧૧૪ અને મીશ્ર ૧૦૦ બ્રિડીંગ મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતું હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા કુલ ૨૪૭ ટાયરો, ૨૫ પીપ,૧૫ કેરબા/ડ્રમ, ૧૮૩ માટલા, ૧૩૭ પ્લાસ્ટીક ડબ્બા અને ૧૪૯ અન્ય કન્ટેઈનર મળી કુલ ૭૫૬ કન્ટેઈનરોનો નાશ કરવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનમાં ૨૧ બાંધકામ ચેક કરવામાં આવ્યા અને ૧ શાળા ચેક કરવામાં આવી. સાઉથ ઝોનમાં ૧૨૪ બાંધકામ ચેક કરી ૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. સાઉથ–ઈસ્ટ ઝોનમાં ૫ બાંધકામ ચેક કરવામાં આવ્યો . સાઉથ–વેસ્ટ ઝોનમાં ૩૦ બાંધકામ ચેક કરી ૧૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો અને ૧ નોટિસ આપવામાં આવી . નોર્થ ઝોનમાં ૩૪ બાંધકામ ચેક કરવામાં આવ્યા . ઈસ્ટ ઝોનમાં ૨૨ બાંધકામ ચેક કરી ૩૧૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો અને અને ૭ શાળા ચેક કરવામાં આવી જેમાંથી ૬ શાળાને નોટિસ આપવામાં આવી. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૧૮૧ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૧૧ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૬૧ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતા સર્વે દરમ્યાન જોવા મળેલ મચ્છરનાં ઉત્પત્તિ સ્થાનોમાંથી મોટા ભાગના ઉત્પત્તિ સ્થાનો મકાનોની છત ઉપર, પાણીના ભરાવા તેમજ પડી રહેલા નકામા કન્ટેઈનરો, માટલાઓ તેમજ ટાયરોમાં જોવા મળે છે. તદઉપરાંત દરેક લોકો પોતાના ઘર પરથી આ પ્રકારનાં કન્ટેઈનરો કે જેમાં વરસાદી પાણી ભરાઈ રહે છે, તેનો નિકાલ કરે તો મેલેરિયાના ફેલાવાને નાથવામાં મહાનગરપાલિકાને ઘણી જ સરળતા રહે તેમ છે. તેમજ લોકો પોતાના ઘરની આજુબાજુ રહેલા વરસાદી પાણીના ભરાવાનો નિકાલ અને પોતાના ઘરની પાણીના સંગ્રહ માટેની ટાંકીને હવાચુસ્ત ઢાંકણ વડે બંધ રાખવી જેથી મેલેરીયા રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચરછોની ઉત્પત્તિ અટકાવી શકાય. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી મેલેરીયા રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં ઝોનલ ચીફ શ્રી સી.જે.ગામીત સાહેબના માર્ગદર્શન હેઠળ વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવા અંગે ઓગષ્ટ–૧૦ માં ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી. જેમાં કતારગામ ઝોનનાં અલગ અલગ વિસ્તારમાં ઘરોની ટાંકીઓ, ટેરેસ, ડ્રમ/કેરબા, અન્ય પડતર સામાન ચેક કરવામાં આવ્યા. જેમાં ૧૯૧૬ સ્થળોએ મચ્છરની ઉત્પત્તિ જણાયેલ અને તમામ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યા. તદઉપરાંત કતારગામ ઝોનનાં અલગ અલગ વિસ્તારનાં ૧૨૪૫ જેટલી બહેનોને ભેગા કરીને મચ્છરની ઉત્પત્તિ અટકાવવા બાબતોની સમજણ આપવામાં આવી. કેશવપાર્ક, મગનનગર–૨, નંદુ ડોશીની વાડીમાં અગાશી/ધાબાનાં તપાસ કરવામાં આવતાં અગાશી/ધાબાનું લેવલીંગ ન હોવાને મેલેરીયાનાં મચ્છરોની ઉત્પત્તિ જણાયેલ છે. જે રૂબરૂમાં બતાવી સમજણ આપવામાં આવી. તથા અગાશી ઉપરનાં પાણી ભરાવાનો નિકાલ કરવામાં આવ્યા. વધુમાં, લક્ષ્મીનગર, આનંદ પાર્ક સો., ભવાનીનગર, ઉત્કલનગર, શ્રમિકનગર, ગૌતમનગર, રમણનગર, હરીઓમ સો., આંબાતલાવડી વિસ્તારોમાં અગાશી, છાપરાં અને વાડાનાં ભાગમાં નકામાં ટાયરો, ડ્રમ, માટલા, કેરબા, અન્ય પડતર સામાનમાં મચ્છરની ઉત્પત્તિ જોવા મળી. જેથી ૧૬૭૭ જેટલો નકામાં સામાનનો જપ્ત કરીને નાશ કરવામાં આવેલ છે.

TOP